ગાંધીનગર સમાચાર

**જિલ્લાની સરકારી પ્રા. શાળાઓમાં ઘટતી વિદ્યાર્થીઓની સંખ્યા**

### એમઆઈજી સ્કીમના બાંધકામમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીથી

# કાનમ ફ્લેટના પાયા ખોદી નંખાતા રહીશોમાં મોડીરાત્રે દોડધામ

**કાનમ ફ્લેટના 'ડી' બ્લોકના રહીશોના જીવ પડીકે બંધાયા : ગુડાના ચેરમેન તથા શહેરના મેયર ધસી આવ્યા, રહીશોએ આખી રાત પડોશીઓના ઘરે વિતાવી : ભોંયરાના ખોદકામ દરમ્યાન છેક ફ્લેટના પાયા સુધી જેસીબી ચલાવી દીધુ હતુ**

ગાંધીનગર, તા. ૧૦

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે ગુડાની એમઆઈજી સ્કીમનું કામ ચાલી રહ્યુ હતુ ત્યારે તેની રહીશોને તાત્કાલિક ધોરણે મરામત કાર્ય હાથ ધરવાની હૈયાધારણ આપી હતી.

ગુડા દ્વારા કુડાસણ ખાતે એમઆઈજી સ્કીમનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. આ સ્કીમમાં ભોંયરાનું કામ કરવા માટે ખોદકામનું કાર્ય ચાલી રહ્યું હતુ તે દરમ્યાન કોન્ટ્રાક્ટરની બેદરકારીથી બાજુમાં આવેલા કાનમ ફ્લેટની દિવાલ તથા ભોંયતળિયાનો ભાગ ધસી પડતા ફ્લેટના પાયા બહાર દેખાઈ આવ્યાં હતા. આ ઉપરાંત અહીંથી પસાર થતા ગટરલાઈનને પણ ભારે ક્ષતિ પહોંચી હતી. કુલ ૧૦ માળના આવાસની એમઆઈજી સ્કીમના બેઝમેન્ટનું ખોદકામ ચાલુ થયુ ત્યારથી કાનમના રહીશો દ્વારા કામદારોને સાવચેતી રાખવા જાણ કરવામાં આવી હતી. આમ છતાં કામદારો તથા કોન્ટ્રાક્ટરની બેદરકારીથી કાનમ ફ્લેટની હદમાં ખોદકામ કરી દેતા કાનમ ફ્લેટનો આખેઆખો 'ડી' બ્લોક પર જોખમ ખડુ થવા પામ્યું હતું. વળી, આ સાથે કાનમ ફ્લેટની ગટરલાઈન પણ તુટી જવા પામી હતી. આ કારણે કાનમ ફ્લેટના રહીશો ડરના માર્યા ફ્લેટ ખાલી કરી નીચે આવી ગયા હતા. મોડી સાંજે બનેલી આ ઘટનાને પગલે રહીશોએ ગુડાના ચેરમેન તથા શહેરના મેયરને જાણ કરી હતી અને બંને






### સ્ટીલનો સ્લેબ ભરી પ્રોટેક્શન વૉલ બનાવી અપાશે

મોડી રાત્રિ સુધી ગુડાના ચેરમેન, એમઆઈજી સ્કીમના એન્જિનીયર તથા સ્થાનિક રહીશો વચ્ચે બેઠક ચાલી હતી. જેમાં ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ બીજા દિવસે તળિયામાં આરસીસી કામ કરી ચાર ફૂટનું સ્ટીલનો સ્લેબ ભરી આપવાની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

બરાબર બાજુમાં આવેલા કાનમ ફ્લેટની કંપાઉન્ડ વૉલ અને ફ્લોરીંગનો કેટલોક ભાગ ખોદાઈ જતા ફ્લેટના રહીશો ભયભીત થઈ એકત્ર થઈ જવા પામ્યા હતા. આ ખોદકામના કારણે કાનમ ફ્લેટના ડી બ્લોકના ૨૦ ફ્લેટમાં રહેતા પરિવારો માટે જોખમ ઉભુ થવા પામ્યુ છે. આ ઘટનાની જાણ થતાજ ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર મેયર પ્રવિણભાઈ પટેલ સ્થળ પર ધસી આવ્યા હતા અને

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં દાયકાનું સૌથી ઓછુ ઉનાળુ વાવેતર

**ગત વર્ષની તુલનામાં ૧૦ હજાર હેક્ટરથી પણ વધુ વાવેતર ઘટ્યું; મગફળીમાં વધ્યુ, બાજરી, મગ અને શાકભાજીનું ઘટ્યું**

ગાંધીનગર, તા. ૧૦

છેલ્લા દસકાનું સૌથી ઓછુ ઉનાળુ વાવેતર જિલ્લામાં આ સીઝનમાં નોંધાયું છે. અકલ્પનીય હીટવેવ, મોંઘુ બિયારણ, મજૂરી તેમજ પિયતના ઓછા સ્ત્રોત હોવાથી ખેડૂતોએ વાવણીનું સાહસ કરવાનું ટાળ્યુ છે. ગત વર્ષની તુલનામાં ૧૦ હજાર હેક્ટર કરતાં પણ વધુ વાવેતર ઘટ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ઉનાળુ સીઝનમાં ૨૧,૭૬૮ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર થયુ છે. આ સિઝનમાં ઉનાળુ બાજરી, મગ, ગુવાર અને શાકભાજીના પાકના વાવેતર વિસ્તારમાં ભારેખમ ઘટાડો નોંધાયો છે.

ઉનાળુ બાજરીનું વાવેતર ગત વર્ષે ૮૬૩૮ હેક્ટર હતુ તે ઘટીને ૫૯૮૮ થયુ છે. જુવાર દાણાનું વાવેતર કરવાનું આ વર્ષે ટાળ્યુ છે. તો મગનું વાવેતર જે ગત વર્ષે ૫૬૩ હેક્ટર હતુ જે આ વર્ષે ઘટીને ૨૧૮ હેક્ટર પુરતુ જ સીમીત રહ્યુ છે. શાકભાજીનું વાવેતર ગત વર્ષે ૫૨૦૯ હેક્ટર હતુ તે આ વર્ષે ઘટીને ૩૦૪૯ હેક્ટર થયુ છે.

જિલ્લામાં માર્ચના અંતિમ સપ્તાહમાં જ ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી ગયો હોવાથી ખેડૂતોએ આ વખતે ઉનાળુ પાકના વાવેતર માટેનું સાહસ કરવાનું માંડી વાળ્યુ હોય તેવુ ચિત્ર ઉપસે છે. મળતી વિગતો પ્રમાણે પ્રારંભે જ જે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રીનસીટીના એક લેડીઝ ક્લીનીકનું રજીસ્ટ્રેશન રદ

ગાંધીનગર, તા. ૧૦

પીસી એન્ડ વીએનડીટીની જિલ્લા એડવાઈઝરી કમિટીએ ગ્રીનસીટી વિસ્તારમાં આવેલ કેસરબા લેડીઝ ક્લીનીકનું રજીસ્ટ્રેશન રદ કરવાનો આક્રમક નિર્ણય કરેલ છે.

તાજેતરમાં પીસી એન્ડ વીએનડીટીની મળેલ બેઠકમાં સ્ત્રી ભૃણ પરીક્ષણ કરનાર અથવા આ માટે એજન્ટ તરીકે કામ કરનારની સાચી વિગતો લઈ આવનાર આશા કાર્યકરને રૂ. ૧ હજારનું ખાસ ઈન્સેન્ટીવ આપવાનો નિર્ણય કરેલ છે. એટલુ જ નહિ પણ જો કોર્ટમાં આ કેસ સાબિત થાય તો ૫ હજારનો પુરસ્કાર આપવાનો પણ મહત્વનો નિર્ણય કરેલ છે.

પીસી એન્ડ વીએનડીટી એક્ટના અસરકારક અમલીકરણ માટે તંત્રએ કમર કસી છે.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં એક હોસ્પિટલના સીલ કરાયેલ સોનોગ્રાફી મશીનનું સીલ

● અનુસંધાન પાન-૭ પર



હાટકેશ જયંતિ - ગાંધીનગર સ્થિત વીસનગરા નાગર પરિવારો દ્વારા સોમવારે હાટકેશ જયંતિની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી... મોડીસાંજે હાટકેશદાદાની શોભાયાત્રા નગરના મુખ્યમાર્ગો જય હાટકેશના જયઘોષ સાથે નીકળી હતી... જેમાં નાગર પરિવારના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા...

# વિદ્યાસહાયકોની ભરતીવેળાએ બોન્ડ લેવાની વિચારણા : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૧૦

પંચાયતી રાજમાં વિદ્યાસહાયકોની ભરતી વેળાએ રૂ. ત્રણ લાખનું બોન્ડ લેવાની વિચારણા રાજ્ય સરકાર કરી રહી હોવાનો સંકેત રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આપ્યો હતો.

તેમણે આજે જણાવ્યું હતું કે જિલ્લાઓમાં વિદ્યાસહાયકો દ્વારા વારંવાર જિલ્લાફેર કરી રહ્યા હોવાથી સરકારે આ દિશામાં વિચારણા હાથ ધરી છે.

પંચાયતમંત્રી કવાડિયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસે ભરતી બંધ કરી હતી ભાજપે તે ચાલુ કરી છે.

આજે મહાત્મા મંદિરમાં પંચાયત સેવામાં ત્રણ હજાર જેટલા કર્મચારીઓની ભરતીના નિમણુંક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી રૂપાણીએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે નિર્ણાયક સરકાર ઝડપથી નિર્ણયો કરી રહી છે તેનો પુરાવો આજનો પ્રસંગ છે. બે માસમાં જ પરીક્ષાનું આયોજન અને પરિણામ તેમજ નિમણુંક પત્રો એનાયત કરાયા છે.

તેમણે કહ્યુ કે રાજયમાં પંચાયતી રાજ વ્યવસ્થા વધુ મજબુત અને સુદૃઢ બને તે માટે સરકાર કટિબદ્ધ છે.

# પાટનગરમાં ૧૭ એપ્રિલે અલ્પેશ ઠાકોરની સભા

**કોમ્પ્યુટર ઓપરેટર વી.સી.ઈને ન્યાય અપાવવા સભા : સભામાં ભીડ ભેગી કરવા આકર્ષક જાહેરાત બનાવી સોશ્યલ મીડિયામાં ફરતી કરાઈ**

ગાંધીનગર, તા.૧૦

રાજયના તમામ જિલ્લાઓમાં અંતરીયાળ ગામડાઓમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા વી.સી.ઈ કર્મચારીઓ પગાર વધારો અને કાયમી કરોની માંગ સાથે અગાઉ પણ ગાંધીનગરમાં સભા કરીને ગયા હતા. વી.સી.ઈની પુનઃ સભા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી સેકટર-૬ ખાતે યોજાનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# કેમ્પ હનુમાનજીની ભવ્ય શોભાયાત્રા

આવતીકાલે શ્રીરામભકત હનુમાનજીની જન્મજયંતિ હોઈ તેની ઉજવણીના ભાગરૂપે આજે સવારે ૮.૦૦ વાગ્યાથી શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા અતિ પ્રાચીન અને ઐતિહાસિક કેમ્પ હનુમાનજી મંદિર ખાતેથી દાદાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. જેમાં દાદાના શ્રધ્ધાળુ ભકતજનો સહિત હજારો લોકો જોડાયા હતા.



### ભાજપ સ્વચ્છતા અભિયાન પ્રકલ્પની બેઠક યોજાઈ

અમદાવાદ, તા.૧૦

અનેકવિધ નવતર વિચાર અમલમાં મુકનાર નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું છે. ગાંધીવિચારને વરેલ આ પ્રકલ્પને વધુ આગળ લઈ જવા માટે પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની અધ્યક્ષતામાં આજે મહત્વની બેઠક મળી હતી. પ્રદેશ દ્વારા નવરચિત વિવિધ પ્રકલ્પોમાંના સ્વચ્છતા અભિયાન પ્રકલ્પની બેઠક આજે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય ખાતે યોજાઈ હતી. આવતા દિવસોમાં ભારતીય જનતા પાર્ટી વ્યાપક સ્વરૂપે આ લોકપ્રિય અભિયાનને આગળ ધપાવશે.

તા. ૧૪ એપ્રિલ ૨૦૧૭ બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીથી પ્રદેશ, જીલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંકલિત કાર્યક્રમો યોજાશે. લોકભાગીદારીને વધુ મજબુત કરી સફાઈના મહત્વને સમજાવતા અનેકવિધ કાર્યક્રમોમાં યુવા પેઢી અને બાળકોને જોડવામાં આવશે, જેથી આવતા સમયમાં તેઓ સ્વાસ્થ્યપ્રદ પર્યાવરણનો સક્રિય હિસ્સો બને. શાળા કોલેજમાં ચિત્રસ્પર્ધાઓ, ગીત સંગીત કે વક્તૃત્વ સંગાથે આ અભિયાનને જીવનશૈલીનો હિસ્સો બનાવવા મંડલ દીઠ એક ટીમનું ગઠન થશે.


**દશમી વાર્ષિક પુણ્યતિથિએ**

**શ્રદ્ધાંજલિ**





**સ્વ. જેઠાલાલ ગિરિજાશંકર રાવલ**

સ્વર્ગવાસ તા. ૧૧મી એપ્રીલ ૨૦૦૭

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા સંસ્કારોથી શોભતા અમે,
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું, કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યા
કોઈ કહે પૂણ્ય કમાઈ ગયા, કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા,
**અમે તો કહીશું, અમારા સર્વસ્વ ગયા,**
જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવાં કર્યા કે, સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં
સુખ-દુઃખમાં સતત હસતા રહ્યા...
પ્રભુ આપના દિવ્ય, સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ, પરોપકારી આત્માને સદ્‌ગતિ અને ચિરશાંતિ અર્પે એ જ અભ્યર્થના.

તમારા અમે સૌ...

**ગં. સ્વ. કૈલાસબેન જે. રાવલ**

નરેન્દ્ર રાવલ (પુત્ર) અશોક રાવલ (પુત્ર)
જ્યોત્સના રાવલ (પુત્રવધુ) સંગીતા રાવલ (પુત્રવધુ)
વિરેન રાવલ (પૌત્ર) કેયુર રાવલ (પૌત્ર)
સ્મિતા રાવલ (પૌત્રવધુ) ચિન્મયી રાવલ (પૌત્રવધુ)
ક્રિશા રાવલ (પ્રપૌત્રી) શ્લોક રાવલ (પ્રપૌત્ર)
સ્વરા રાવલ (પૌત્રી)
માલા રાવલ (પૌત્રી), આશિષ રાવલ (જમાઈ),
વિધિ રાવલ (પ્રપૌત્રી), ગર્વ રાવલ (પ્રપૌત્ર)

**સ્વ. નર્મદાબા ગિરિજાશંકર રાવલ પરિવાર**



**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com